મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ ૧ ના ખંડ બી મુજબનું

**આખરી જાહેરનામું**

જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી કચ્છ ભુજ

તા. ૧૬/૧૨/૨૦૧૪

---

**<u>આખરી જાહેરનામું</u>**

નાં મેજી/પોલ/જાહેરનામું/પેસેન્જર વ્હીકલ પ્રવેશબંધી/૩૩-૧/૧૨/૧૪

વંચાણ : અત્રેના જાહેરનામા ક્રમાંક મેજી/પોલ/જાહેરનામું/૩૩-૧/૧૩ તા. ૧/૩/૧૩

કચ્છ જીલ્લાના ભુજ શહેરમાં પ્રાઈવેટ લક્ઝરી બસો તથા અન્ય પેસેન્જર મોટર વ્હીકલની સંખ્યામાં વધારો થયેલ છે જેને કારણે ટ્રાફિક સમસ્યા ખુબ જ વિકટ બનવા પામેલ છે. આ લક્ઝરી બસો તથા અન્ય પેસેન્જર મોટર વ્હીકલોની ઓફિસો બસ સ્ટેશન વિસ્તારની આજુબાજુ, વી.ડી. હાઈસ્કુલ પાસે આવેલી છે. લક્ઝરી બસો અને અન્ય પેસેન્જર મોટર વ્હીકલોને ભુજ નગર પાલિકા ઓફિસ, ગેરવાડી વંડી, વી.ડી. હાંઈસ્કુલ માતૃછાયા કન્યા વિદ્યાલય તેમજ ઈન્દિરાબાઈ પાર્ક પાસે ઉભા રાખી પેસેન્જરો બેસાડવામાં આવે છે. જેના કારણે અવાર નવાર ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થાય છે. વી.ડી. હાઈસ્કુલ પાસે લોહાણા મહાજન વાડી આવેલ હોઈ અવાર નવાર લગ્ન તેમજ અન્ય પ્રસંગો યોજાતા હોઈ લક્ઝરી બસો અને અન્ય પેસેન્જર મોટર વ્હીકલોની અવર જવરના કારણે ટ્રાફિક જામના પ્રશ્નો ઉભા થાય છે. ભુજ શહેરમાં હાલમાં નાના અને મોટા વાહનોની સંખ્યામાં ખુબ જ વધારો થયેલ છે અને ભવિષ્યમાં પણ ખુબ જ ઝડપથી વધારો થવાની શક્યતા હોઈ ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ ઉભી થવાની અને અકસ્માતો થવાની શક્યતાઓ છે. જેથી ભુજ શહેરમાં અવર જવર કરતા ભારે પેસેન્જર મોટર વ્હીકલો તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલોનું નિયમન કરવા વંચાણ વાળું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ અને બહોળી પ્રસિદ્ધિ વર્તમાન પત્રો વગેરે દ્વારા કરવામાં આવેલ તેમજ દિવસ ૩૦ માં વાંધા/સૂચનો મોકલી આપવા જણાવવામાં આવેલ.

અત્રેના વંચાણ વાળા જાહેરનામાના અનુસંધાને રજુ થયેલ વાંધા/સૂચનો પરત્વે પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજના રીમાર્ક્સ મેળવી વાંધા/સૂચનોનો નિકાલ કરવામાં આવેલ. રજુ થયેલ વાંધા/સૂચનો અને પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છના રીમાર્ક્સ ધ્યાને લેતાં વંચાણ વાળા પ્રાથમિક જાહેરનામામાં કોઈ સુધારો કરવાની જરૂરીયાત જણાતી નથી.

જેથી હું એમ.એસ. પટેલ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, કામના કાગળો નજરે ગુજરાત પોલિસ અધિનિયમની કલમ ૩૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સવારના કલાક ૮:૦૦ થી રાત્રિના કલાક ૨૨:૦૦ સુધી ભુજ શહેરના નીચે જણાવેલ રસ્તાઓ પર જીએસઆરટીસીની બસ સિવાયના ભારે પેસેન્જર મોટર વ્હીકલ તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલને પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનું તેમજ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના આદેશો આખરી જાહેર કરૂં છું.

**<u>અનુસૂચી</u>**

૧) નખત્રાણા તથા માંડવી તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તાથી ભુજ તરફ આવી શકશે નહી, પરંતુ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તાથી જયનગર બાયપાસ થઈ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ તરફથી માધાપર બાયપાસ જઈ શકશે.

૨) ગાંધીધામ/અંજાર તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ચાર રસ્તા થઈ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ થી માંડવી, મુન્દ્રા તથા નખત્રાણા તરફ જઈ શકશે.

૩) ખાવડા તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ પોલિસ છત્રીસ ક્વાર્ટર્સ ચાર રસ્તા થઈ એરપોર્ટ રીંગરોડ થઈ કેન્સન મોટર્સ ત્રણ રસ્તા થઈ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તા થી નખત્રાણા તેમજ માંડવી તરફ જઈ શકશે.

૪) મુન્દ્રા તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ થઈ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સર્કલથી આરટીઓ રીલોકેશન થઈ માધાપર તરફ જઈ શકશે.

આ જાહેરનામામાં હેવી પેસેન્જર મોટર વ્હીકલ અને મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે જ રહેશે.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧) સરકારી વાહનો તેમજ જાહેર જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સી દ્વારા ચલાવવામાં આવતા વાહનો.
૨) ફાયર ફાઈટર
૩) એમ્બ્યુલન્સ અને શબવાહિની.
૪) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના વાહનો
૫) સ્કુલ બસો
૬) પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજ દ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનો

આજરોજ તા. ૧૫/૧૨/૨૦૧૪ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યો.

રવાના કર્યું
નાયબ ચિટનીસ ટુ
જિલ્લા મેજીસ્ટ્રેટ-કચ્છ ભુજ

સહી/-
(એમ.એસ. પટેલ)
જીલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ ભુજ

Akhil Gujarat Truck Transport Association
Q, 12-8-16

નકલ રવાના જાણ તથા અંમલવારી સારૂ....

૧ પોલિસ અધિક્ષકશ્રી કચ્છ ભુજ તરફ (વધારાની ૧૦ નકલો સાથે).... જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરવા તથા ચુસ્ત અમલ કરાવવા વિનંતી છે.
૨ સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી ભુજ તરફ....
૩ મામલતદારશ્રી ભુજ તરફ....
૪ નાયબ માહિતી નિયામકશ્રી, માહિતીખાતું ભુજ, સ્થાનિક વર્તમાન પત્રમાં વિના મુલ્યે પ્રસિદ્ધિ સારૂ.
૫ વ્યવસ્થાપકશ્રી સરકારી છાપકામ ખાતું રાજકોટ, ગેઝેટમાં પ્રસિદ્ધિ અર્થે